

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*પીડા 'પોઝીટીવ' ટકાવારીમાં બંધાઈ જાય છે,*
*ખોટી માહિતીમાં રાજકારણ રંધાઈ જાય છે!*
*ગંધાઈ જાય છે છૂપા અગ્નિદાહમાં મૃતદેહો -*
*પ્રયુક્તિઓ છતાં તંત્ર બે-પગે બંધાઈ જાય છે!*

**હાઈકુ**

*યુક્તિઓ છતાં*
*રહેતી નથી છૂપી -*
*અસલિયત!*

*ચીખે છે સત્ય -*
*શ્રી સરકાર સામે -*
*ચાપરે ચઢી...*

### ચિંતન

***અર્થસમ્પત પ્રકૃતિસમ્પદંકરોતિ ।***

**ઉપરોક્ત સૂત્ર ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**રાજા જો આર્થિક દૃષ્ટિએ સંપન્ન હોય તો સ્વાભાવિક રીતે પ્રજાની સંપત્તિમાં પણ વૃદ્ધિ થાય છે.**

**શાસનની સુવ્યવસ્થા રાજા-પ્રજા બંનેને સમૃદ્ધ બનાવે છે. રાજ્યની આર્થિક સંપન્નતા કે એનો ઐશ્વર્ય લાભ જ પ્રજાની સંપત્તિની વૃદ્ધિ કરાવે છે અને પ્રજા સર્વ રીતે શાસનને અનુસરીને ચાલે છે.**

**રાજ્ય-દેશનું અર્થતંત્ર મજબૂત હોય તો પ્રજાને વેરા અને વ્યાજમાં મોટી રાહત રહે છે અને રાજા (પ્રધાનમંત્રી) પ્રજા પર બોજ નાખી પ્રજાને લૂંટવાના વિચાર કરતો નથી ઉલ્ટું પ્રજા કેમ સુખી થાય એવી યોજનાઓ અને પ્રયત્નો કરે છે આથી પ્રજા પણ સુખી-સંતોષી અને સમૃદ્ધ બને છે.**

### સુવિચાર

- મેં કયારેય ચિંતાની વ્યગ્રતા અનુભવી નથી,
  મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરતાં મારો આત્મવિશ્વાસ દૃઢ થતો ગયો છે - **મોરારજી દેસાઈ**
- સદાચારથી આયુષ્ય, સુચરિત વાળી ઈચ્છિત સંતતિ તેમજ અક્ષય ધન મળે છે અને
  સદાચારથી માણસની અપાત્રતા - અયોગ્યતા દૂર થાય છે - **સંસ્કૃત સુભાષિત**
- જયોતિષીઓ હંમેશા નસીબ બતાવે છે, બદલી શકતા નથી - **અમૃતકુંભ**
- આપત્તિકાળ માટે સંપત્તિ સાચવવી જરૂરી ખરી,
  પણ સંપત્તિ જ આપત્તિ ન બની જાય એ જોવું એનાથીય વધારે જરૂરી છે - **મોરારિ બાપુ**
- ગામ ડાહ્યા થવા કરતાં ઘરડાહ્યા થઈએ તો ? - **જનક નાયક**
- ટીકા એ પથ્થર છે, કાદવ પાસે ઊભા રહો ને કોઈ પથ્થર નાખે તો શું થાય?
  આપણને કાદવ જ ઊડેને! નકારાત્મકતા એ કાદવ છે - **ડો. હરીશ પારેખ**
- આજનું ઔષધ : મેંદીના પાન ઠંડા પાણીમાં પીસી તેમાં ચમચી સાકર મેળવી, પીવાથી પેશાબની બળતરા મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સોશિયલ મિડીયાના વધુ પડતા વપરાશથી અફવાઓ ફેલાય અને દેશ-દુનિયાને કેટલું નુકશાન કરે તેનો હજી કોઈને અંદાજ આવ્યો નથી. બે મિત્રો અનુમાનો લગાવી. અફવાઓ ફેલાવતા અને મોટાભાગે તેઓ ખોટા પડતા. લોકો મજાક ઉડાવતા પણ તેઓ સુધરતા નહોતા. આવી ટેવથી બંને મિત્રોના માતાપિતા પરેશાન પણ હતા. એકવાર એક માણસને લંગડાતો ચાલતો જોઈ પહેલો મિત્ર બોલ્યો, 'મને ખાતરી છે કે આ માણસ જન્મથી જ લંગડો છો.' બીજો મિત્ર કહે, 'ના, કોઈ અકસ્માતને કારણે એ લંગડો થયો હશે.' બંને વચ્ચે ઉગ્ર ચર્ચા ચાલી એવામાં બંનેના પિતા પણ આ ચર્ચામાં ઝુકાવીને પોતપોતાના પુત્રની તરફેણ કરવા લાગ્યા. વાત વધી પડતા એ પરિવારના દાદાજીએ રસ્તો કાઢતા કહ્યું, 'એ માણસને જ પૂછી લો ને. પણ હા, તમારા બેમાંથી જેની વાત ખોટી પડશે એણે પછી જીવનભર ખોટાં અનુમાન કરવાનાં નહીં અફવવાની નહીં. બંને મિત્રોએ તૈયારી બતાવી.' પછી લંગડાતા માણસને કારણ પૂછ્યું તો એણે કહ્યું, 'અરે ભાઈ, હું એટલા માટે લંગડાતો ચાલુ છું, કારણ કે મારું ચંપલ તૂટી ગયું છે!!' હકીકતમાં આવા ખોટા અનુમાન કરીને પોતાની શક્તિ અને સમય વેડફતા પેલા બંનેની કુટેવ સુધારવા માટે જ એમનાં પરિવારે આ લંગડા માણસની યુક્તિ કરી હતી.

# આંતરરાષ્ટ્રીય બહિષ્કારની ધમકીઓને ચીન ગણકારતું જ નથી

**તંત્રીસ્થાનેથી...**

આંતરરાષ્ટ્રીય શુભેચ્છાઓ ગુમાવી ચૂક્યું હોવા છતાં લુચ્ચું ચીન એની વિકાસકૂચ ચાલુ રાખી શકે છે એનાં પ્રમાણ ચંદ્ર પર સફળતાપૂર્વક ઉતરાણ કરી એની માટી અને ખડકોના નમૂનાઓ લેવા કલાકો સુધી ચંદ્રના વણખેડાયેલા પ્રદેશમાં ખાબકેલું એનું સર્વનિર્મિત 'ચંદ્રયાન' છે. ચીનમાં ચંદ્રને સુંદરી દેવી તરીકે પૂજવામાં આવતો હોઈ યાનનું નામકરણ પણ એ દેવી પરથી પાડવામાં આવ્યું છે. યાન પાછું ફરી ચૂક્યું છે. ચીન હવે અમેરિકા અને રશિયા પછી ચંદ્ર પર ઉતરાણ કરનાર ત્રીજો દેશ બની ગયેલ છે. અંતરિક્ષ આક્રમણ કરવામાં પણ પાછી પાની કરે તો એ ચીન નહીં! ચીન માણસો સાથેનું યાન પણ મોકલીને જંપશે. અત્યારે તો એણે ચંદ્ર પર ચીનનો લાલ વાવટો ખોડીને પાછા ફરવાનું મુનાસિબ માન્યું છે પણ એ દિવસો દૂર નથી જયારે વિસ્તારવાદી ચીન ચંદ્રને પણ તાઈવાન અને તિબેટની જેમ ગળી જવાની ચેષ્ઠા કરશે. તાઈવાનની પ્રજા ચીનને ધરારે તાબે થવા તૈયાર ન હોય તો પણ ચીન એનો સકંજો ઢીલો કરવા તૈયાર નથી. આખી દુનિયા તાઈવાન મુદ્દે ચીનની સામે પડેલી હોય એવું ચિત્ર ઊભું થયું પણ લુચ્ચા ડ્રેગનના પેટનું પાણી ન હાલ્યું તે ન જ હાલ્યું. અમેરિકાની રાજનીતિ હવે મહદંશે ચીનની આસપાસ ફેર ફુદરડી ફરતી થઈ ગઈ છે. હારેલા રાષ્ટ્રપ્રમુખને ચીન વિરુદ્ધ નિવેદન કર્યા વગર ખાધેલું પચલું નહોતું. ચીન સામે આંતરરાષ્ટ્રીય સમુદાયને સાથે રાખી એ અમેરિકાની સર્વોચ્ચતા ટકાવી રાખવા મથતા રહ્યા. જો કે એમણે જયારે પણ ચીન વિરુદ્ધ આર્થિક નાકાબંધી અથવા તાઈવાન અને ભારતની તરફેણ કરી ત્યારે ચીને એની આગવી સ્ટાઈલમાં ફૂંફાડા તો માર્યા જ હતા. હવે પહેલાંથી ચીન વિરોધી માનસિકતા જો બાઈડનના હાથમાં મહાસત્તાનાં સૂત્રો આવતા ચીન અને અમેરિકા વચ્ચેનું શીતયુદ્ધ વધારે ઉગ્ર બનશે એમાં શંકાને સ્થાન નથી. ચીન બહારના લોકોને તિબેટના રહેવાસીઓ સાથે હળવા મળવા દેતું નથી. આ મુદ્દે વિશ્વવ્યાપી કચવાટ શરૂ થઈ ચૂક્યો છે. જો કે ચીન એવા આંતરરાષ્ટ્રીય વિરોધને દાદ આપે એ વાતમાં માલ નથી. જીવ બચાવવા ચીનથી ભાગીને ભારતણું શરણું લેનારા વયોવૃદ્ધ દલાઈ લામા એમની જિંદગી પૂરી થાય ત્યાં સુધી તિબેટની એમની અનુયાયી અને આસ્થાવાન પ્રજાને મળી શકશે નહીં. જો કે તિબેટના આ ધાર્મિક નેતાએ તિબેટની પ્રજાના માનવીય અધિકારો માટે કરેલી ઝુંબેશ બદલ એમને શાંતિનું નોબેલ જરૂર મળી ગયું છે અને ભારત તો એમને મોંઘેરા વીવીઆઈપી મહેમાન તરીકે સુરક્ષા સહિત તમામ પ્રકારની સવલતો ઉપલબ્ધ કરાવતું જ રહેશે. ચીનને ભારત આ મુદ્દે પહેલાંથી જ દુશ્મન દેશ લાગતો રહ્યો છે, ભલે પંચશીલના સિદ્ધાંતોને નામે કે સંસ્કૃતિની પ્રાચીનતાના નામે એ મૈત્રીના પોકળ દાવા કરતું ફરે. અરુણાચલ પ્રદેસને ચીન પોતાનો જ પ્રદેશ ગણે છે અને ખુદ ભારતના વડાપ્રધાન ત્યાં જઈને કોઈ વિકાસ કાર્યનો પ્રારંભ કરે ત્યારે એ કાગારોળ કરતું રહ્યું છે. છેલ્લે લદ્દાખના કેટલાક પ્રદેશ બાબતે એણે જીદ જારી જ રાખી છે. એણે ભારતના પૂર્વોત્તર પ્રદેશને પાયમાલ કરી મૂકવાની ચાલ તરીકે બ્રહ્મપુત્રા પર બંધ બાંધવાની શરૂઆત કરી દીધી છે. ચીની સેના ચોવીસે કલાક ભારતીય સીમાઓ પર તૂટી પડવાની તૈયારી રાખે એવો ખુદ સર્વોચ્ચ નેતા અને સેનાનાયકનો આદેશ છે. એ અવનવાં લાંબી માર કરનારાં મિસાઈલ છોડી એકી સાથે ભારત, રશિયા અને અમેરિકાને ડરાવી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય બહિષ્કારને એ ઘોળીને પી ગયું છે.

# ભિખારીઓના પ્રકારો...



**સહેજ મલકીએ!**
**અનંત પટેલ**

હમણાંથી રોજ સવારે આઠેક વાગે મંદિરે જાઉં છું. મંદિરની બહાર બેઠેલાં ભિખારીઓ તરફ તો નજર અચૂક પડે જ... દરરોજ એકનાં એક જ ભિખારી હોય છે, એમાં ય આજે તો બે વૃધ્ધ ભિખારણો હું એમની બાજુમાંથી પસાર થયો ત્યારે ય એમની વાતોમાં જ વ્યસ્ત રહી... શી ખબર એમને પણ કશીક સામાજિક કે કૌટુંબિક વાતો હશે ખરી, નહિ? ભગવાન જાણે...! પણ હા આમાંથી મને ભિખારીઓ વિશેનાં મારાં અગાઉનાં અવલોકનોને શબ્દદેહ આપવાનું મન થયું તો ચાલો એ જરા વિગતે જોઈએ...

● કેટલાક ભિખારીઓ સમયના પાબંદ હોય છે એ એમના નિશ્ચિત સમયે ગમે એમ કરીને આવી જ જતા હોય છે.

● સ્થળ અને નિશ્ચિત જગાવાળા ભિખારીઓ- જો એમની જગાએ કોઈ નવો ભિખારી આવીને બેસી ગયો હોય તો જગા માટે નક્કી ઝઘડો થાય જ... ને જૂનો ભિખારી એની મૂળ જગા મેળવીને જ જંપે.

● તમે ભીખ આપો કે ન આપો, એમને ભિક્ષાની પડી જ ના હોય એવા ય ભિખારી હોય છે.... તમારે આપવું હોય તો આપો એ તો જાણે ટાઈમ પાસ કરવા બેઠા ના હોય એવું પણ લાગે છે ...

● તમે રોજ મંદિરે જતા હોવ તો તમને ઓળખતા હોય એવા ભિખારી જ્યારે તમે એમની પાસેથી પસાર થાવ ત્યારે તમારી સામે ય ના જૂવે કે તમારી નોંધ પણ ના લે...એમને એમ હોય કે આ તો રોજના છે, આપે તો ય શું ને આપે તો ય શું ??

● આઠ દસ ભિખારી બેઠા હોય ને તમે એક કે બે જણને જ પૈસા આપો તો બીજા બધા કાગારોળ મચાવી મૂકે ને ' મને આપો, મને આપો હું તો બાકી જ છું' ... વગેરે વગેરે...

● કેટલાક એવા ભિખારી એવા હોય છે જે ભલે બેઠા હોય અલગ અલગ પણ એમની કમાણી સંયુક્ત હોય, જે મળે તે વહેંચીને જ ખાનારા... એમને બીજી રીતે કહીએ કશો જ રઘવા નહિ કરનારા સંતુષ્ઠ ભિખારીઓ...

● કેટલાક એવા ય હોય છે કે તમે બીજાને આપો પણ એમને ના આપો તો ય એ કશું બોલે જ નહિ...નો રીએક્શન..બસ એમ જ સ્થિતપ્રજ્ઞની જેમ બેસી જ રહે...દે ઉસકા ભલા ના દે ઉસકા બી ભલા.

● અમુક ચોક્કસ (હોળી, દિવાળી, જન્માષ્ટમી, શિવરાત્રિ, પૂનમ, રક્ષાબંધન, ઉત્તરાયણ વગેરે ) તહેવારના દિવસે જ ટોળાબંધ ઉતરી આવનારા ભિખારીઓ, જે જે તે દિવસે જ દેખાતા હોય છે ને પછી અદ્રશ્ય જ થઈ જતા હોય છે..! કોણ જાણે એ બાકીના દિવસોમાં શાના આધારે જીવતા હશે ??

● યાત્રીઓ કે દર્શનાર્થીઓની ભીડ થાય ત્યારે જ ભીખ માગવા માટે એક્ટિવ થઈને રામનામ બોલનારા ભિખારીઓ.... જે ભગવાનનું નામ માત્ર ભીખ માટે જ લેતા હોય છે... જેઓ કોઈ યાત્રાળુઓથી ભરેલી બસ આવે તો એ બસ તરફ ધસી જતા હોય છે.

● ભિક્ષામાં તમે કોઈ ભિખારી કે ભિખારણને જૂનુ કે ઉતરી ગયેલું ( સારું અને પહેરી શકાય તેવું હોય તો પણ) વસ્ત્ર કે ઓછા પૈસા આપો તો મોંઢુ બગાડનારાં પણ હોય છે...

● રોજ બેસવા ટેવાયેલા ભિખારીઓને તમે રોકડા પૈસાને બદલે કશું ખાવાનું આપો તો એ એમને નથી ગમતું, એ ઘણીવાર તો બોલે પણ છે કે 'ખાવાનું શું કામ આપો છો ? એના કરતાં પૈસા જ આપોને'...!

● અમુક નિશ્ચિત પ્રસંગે તમારા ઘેર કે પછી રાખેલ પાર્ટી પ્લોટ ઉપર દેખાનારા ભિખારીઓ પણ હોય છે.

● અમુક ભિખારીઓ ભોજનાલય, હોસ્પિટલ કે દવાની દુકાનની આસપાસ પણ બેઠેલા જોવા મળે છે... આના પરથી એવું તારવી શકાય કે લોકો ક્યારે અને ક્યાં આગળ ધર્માદા પ્રવૃત્તિ કરવાના છે તેનો આ લોકોને જબરદસ્ત અભ્યાસ હોય છે હોં.

લ્યો આમાં તો તમે પી એચ. ડી. કરી શકો એવો અભ્યાસ થઈ શકે અને જાત જાતનાં અને ભાત ભાતનાં તારણો મળી શકે તેમ છે પણ બસ હવે અટકીએ...

મો.૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com

# આ દેશનું વીરત્વ મંદ પડી ગયું, તેને જગાવી મંત્ર ફૂંકી ઊર્મિઓ ઉકળાવજે!



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

**આ દેશનું વીરત્વ મંદ પડી ગયું,...**
**તેને જગાવી મંત્ર ફૂંકી ઊર્મિઓ ઉકળાવજે!**
**ઓ મેઘ ! કર કર વૃષ્ટિ,**
**હરહર વીરહાક પડાવજે !**

**- અરદેશર ફ. ખબરદાર**

આપણા ભારત દેશમાં, ક્યાંક ને ક્યાંક, દર કલાકે બે બળાત્કાર થાય છે. એ તો સત્તાવાર આંકડા છે. પણ ખરેખર તો એ આંકડો ઘણો મોટો હશે, કારણ કે ઘણા કિસ્સામાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા કોઈ જતું નથી.

૨૦૦૩ની સાલમાં ભારતમાં બળાત્કારના ૧૫,૮૫૬ કિસ્સા નોંધાયા હતા, તેમાંના ફક્ત નવ ટકા મોટાં (૧૦ લાખ કે વધુ વસ્તીવાળાં) શહેરોના હતા. નેવું ટકાથી વધુ બળાત્કારો નાનાં શહેરો ને ગામડાંના નોંધાયા હતા. અને ગામડાંમાં તો લોકો એવા કિસ્સા અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવવાનું ટાળે છે. આખા દેશમાં ૧૮ વરસથી નાની છોકરીઓ પર થતા બળાત્કારનું પ્રમાણ કુલ બળાત્કારના ૨૦ ટકા જેટલું હતું. પણ મોટાં શહેરોમાં આ પ્રમાણ ૪૩ ટકા જેટલું નોંધાયેલું.

૨૦૦૩ના વરસમાં ૧૮,૦૦૦થી વધુ આરોપીઓ ઉપર બળાત્કારના કેસ થયેલા, પણ તેમાંથી ચોથા ભાગને જ અદાલતમાં સજા થયેલી. જેને સજા થાય તેમાંથી ૬૬ ટકા જેટલા ઉપલી અદાલતમાં અપીલ કરતા હોય છે. પણ જેને સજા ન થાય તેવા આરોપીઓની સામે પોલીસ ઉપલી કોર્ટમાં ભાગ્યે જ અપીલ કરે છે.

પોલીસથાણાની અંદર બંદીવાન સ્ત્રીઓ પર બળાત્કાર કરવાના આરોપસર ૨૦૦૨માં ૧૪૭ પોલીસ કર્મચારીઓ ઉપર કોર્ટમાં ખટલા મંડાયા હતા; તેમાંના ૧૩૨ પર કામ ચાલ્યું તે પૈકી ફક્ત ચારને સજા થયેલી. બાકીના ૧૫ ઉપર પછીને વરસે કામ ચાલ્યું, તેમાંથી કોઈને સજા થઈ નહોતી.

આ બધી વાતનો સાર એવો નીકળે છે કે, (૧) બળાત્કારના જેટલા બનાવો બને છે તેમાંથી બહુ ઓછા અંગે પોલીસ પાસે ફરિયાદ આવે છે; (૨) જેમની સામે ફરિયાદ નોંધાય છે તે પૂરતા પુરાવાના અભાવે મોટે ભાગે કોર્ટમાં ગુનેગાર સાબિત થતા નથી.

વાજબી શંકાથી પર એવી સાબિતી કોર્ટમાં રજૂ થાય નહીં ત્યાં સુધી આરોપી નિર્દોષ ગણાય છે. પણ બળાત્કારનો ભોગ બનનાર સ્ત્રી તો તે ફરિયાદ કરે એ ઘડીથી જ ગુનેગાર ઠરી જાય છે. નિષ્ફર સમાજની આ વાસ્તવિકતા છે. વરુઓને હાથે પિંખાયેલી હાલતમાં હોય તેવી, બળાત્કારનો ભોગ બનેલી શહેરની કે ગામડાની સ્ત્રીને કે છોકરીને પહેલાં તો એ મહેણું મારવામાં આવે છે કે પુરુષોની વાસના ભડકાવે એવા પોશાક શીદને પહેરો છો ! પછી, બળાત્કાર વાળા સ્થળે તે સમયે તું શીદને ગઈ હતી, એવું પુછાણ થાય છે. પેલા નર-રાક્ષસ સાથેના તેના છૂપા સંબંધોની વાતો વહેતી મૂકવામાં આવે છે.

બળાત્કારો થતા રહે છે તેના કરતાં પણ વધુ ભીષણ વાત છે આપણા નિર્વીર્યતાની, તેનો ઉલ્લેખ દિનકર જોશીના એક લેખમાં આવે છે :

મુંબઈના મરીન લાઈન્સ જેવા ભરચક વિસ્તારમાં ધોળે દહાડે દસેક તરુણ અને તરુણી મિત્રો સાથે ફરતી એક કન્યાને, એક અને માત્ર એક જ દારૂડિયો પોલીસ ચોકીની અંદર લઈ જાય અને સાથેનાં યુવકયુવતીઓને લાલ આંખ દેખાડીને હાંકી કાઢે અને પછી બળાત્કાર થાય, એક વાર નહીં પણ ત્રણ વાર. કલાકેક જેટલો સમય તો આમાં ગયો જ હશે. આ આખો એક કલાક પેલી તરુણીના મિત્રો બહાર ઊભા હશે. એમણે શું કર્યું ? એમણે ધાર્યું હોત તો ત્યારે લાકડાની પોલીસ ચોકીની કેબિનના દરવાજા હચમચાવીને તોડી નાખ્યા હોત. માર્ગ ઉપરના માણસોને એકત્ર કરી શક્યા હોત. બહુબહુ તો પેલો બળાત્કારી પ્રતિકાર કરત અને એમાં કોઈકને ઈજા થઈ હોત, પણ એથી શું? જે કન્યા સાથીદાર હતી, જે કન્યા વિશ્વાસ સાથે આવી હતી એની ઉપર આપત્તિ આવે ત્યારે, પોતાને મિત્રો કહેવડાવતા આ તરુણોનું શું કોઈ કર્તવ્ય નથી હોતું? સવાલ એ થાય છે કે આપણી સંવેદનાઓ આટલી બધી નિર્વીર્ય કેમ થઈ ગઈ છે? પારિવારિક જીવન કે શિક્ષણ-પ્રથાએ આ તરુણ પેઢીને શું એટલું પણ નથી શીખવ્યું કે અઘોર અત્યાચાર થતો હોય ત્યારે, ઓછામાં ઓછું, અણગમાનો એક ઊંહકારો તો કરો ! વર્તમાન સમાજજીવનની સૌથી ઘેરી કટોકટી આપણી માનસિકતાનું આ પરિવર્તન છે.

આજે કોઈ પણ દુષ્કૃત્ય, પછી ભલે એ બળાત્કાર હોય, હત્યા હોય, અપહરણ હોય, લૂંટ હોય, છેતરપિંડી હોય, આ બધાંનો બૌદ્ધિક સ્તરે, રાજકીય સ્તરે, કાનૂની સ્તરે બચાવ કરનારાઓ થોકબંધ જડે છે.

કોમ્યુનિસ્ટ પક્ષ (માર્ક્સવાદી)ના પોલીટ બ્યુરોનાં મહિલા સભ્ય બ્રિન્દા કરાત કહે છે કે, "ત્રાસવાદી હુમલાઓના કરતાં પણ વધુ સ્ત્રીઓ બળાત્કારીઓને હાથે મોત કે જોખમોની ભોગ બને છે." અને છતાં, 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના પત્રકાર શંકર રઘુરામન એક અહેવાલમાં જણાવે છે તેમ, જાણે કે "મૌનનું એક જબરદસ્ત કાવતરું આપણને સૌને ઘેરી વળ્યું છે."

કોઈ રવિશંકર મહારાજ, કોઈ મુનિ સંતબાલજી સમી કરુણાવત્સલમૂર્તિ આવો અને નિર્વીર્યતાની આ બેહોશીમાંથી આપણને જાગૃત કરો !

- મહેન્દ્ર મેઘાણી

**Last Seen :**

**અમર રહો ભારત જેની અરવિંદે કીધી સાધના,**
**ને અણમોલાં કાવ્યકુસુમથી કરી રવીન્દ્ર અર્ચના;**
**ગાંધી, જેને પુણ્યપગલે પાવન આ પૃથ્વી બની,**
**જીવન કેરા યજ્ઞ રચી જેની કીધી આરાધના.**

**- નાથાલાલ દવે**

# ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮..



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

સમાજમાં પ્રવર્તમાન ભ્રષ્ટાચારના સંદર્ભમાં લાંચ રૂસ્વત સામાન્ય શબ્દ પ્રચલિત છે. સામાન્ય નાગરિક લાંચ એટલે કાયદેસરનું કામ કરવા માટે આપવી પડતી નાણાકીય રકમ કે અન્ય બદલો. પરંતુ લાંચ શબ્દનો વિસ્તૃત અર્થ છે, લાંચ એટલે ફક્ત નાણાકીય વ્યવહાર નહી પરંતુ જાહેર સેવકને કમગીરી કરવા કે ન કરવા માટે આપવામાં આવતી ભેટ કે બક્ષિસ સ્વરૂપની વસ્તુનો પણ સમાવેશ થાય છે.

ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ની કલમ : ૨(ગ)માં જાહેર સેવક એટલે સરકારના પગારદાર હોય અથવા કોઈપણ કાર્ય જેમાં પ્રજાનું બહોળું હિત હોય તેવી જાહેર ફરજ બજાવવા માટે જેને ફી કે કમિશન રૂપે સરકાર તરફથી મહેનતાણું કે આર્થિક સહાય મળતી હોય તેવી કોઈ સંસ્થાના કર્મચારી, અધિકારીનો સમાવેશ થાય છે, આ ઉપરાંત સરકારી અનુદાન મેળવવાની કોઈપણ સરકારી કંપની, સંસ્થા, પ્રતિવહિવટી શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, કોર્પોરેશન કે સત્તામંડળોના હોદ્દેદારો અને કર્મચારી અધિકારીઓનો સમાવેશ થાય છે.

જાહેર સેવક કાયદેસરના મહેનતાણાં સિયાય કોઈપણ જાહેર હિતનું કામ કરવા કે ન કરવા માટે રોકડ નાણું, ભેટ કે કિંમતી વસ્તુઓની માંગણી કરે તો આ અધિનિયમની કલમ : ૭ મુજબ ગુનો કરે છે અને ગુનો સાબિત થયે પાંચ (૫ ) વર્ષ સુધીની કેદ તથા દંડની શિક્ષા થઈ શકે છે.

આ અધિનિયમની કલમ : ૧૨ નીચે જાહેર સેવકને જાહેર હિતના કામ માટેની કાયદેસરની ફી હોય તે સિવાયની રકમ આપવી કે લેવી તે પણ ગુનો બને છે.

ગુનો સાબિત થયે પાંચ(૫) વર્ષ સુધી દંડ, કેદ તથા બંનેની શિક્ષા થઈ શકે છે. જાહેર સેવક દ્વારા અથવા તેમાં આશ્રિત વ્યક્તિ દ્વારા વસાવેલી સ્થાવર-જંગમ મિલકત બાબતોનો તેણે આપેલો હિસાબ જો અનિયમિત જણાય તો તેની વિરૂધ્ધમાં કલમ : ૧૩(૧)(ઈ) નીચે ગુનો દાખલ થઈ શકે છે અને આ ગુનો સાબિત થયે સાત (૭) વર્ષ સુધીની કેદ તથા દંડ બંનેની શિક્ષા થઈ શકે છે.

લાંચ રૂસ્વત બ્યુરોની કામગીરી પાંચ (૫) પ્રકારની હોય છે : (૧) રેડ કેસ, (૨) ડિકોપ કેસ, (૩) અપ્રમાણસાર મિલકતના રોકાણના કેસ, (૪) જાહેર સેવકના દ્વારા સત્તાના દૂરૂપયોગની તપાસ, (૫) અરજીની તપાસ.

રેડ કેસમાં આરોપીને કે જાહેર સેવકને લાંચ લેતા રંગે હાથે પકડવામાં આવે છે. લાંચ આપનાર ફરીયાદી વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. ફરિયાદીની ફરિયાદ ઉપરથી લાંચનું છટકું ગોઠવવામાં આવે છે. આક્ષેપિતની ધરપકડ સુધી કામગીરીની ગુપ્તતા જાળવી રાખવામાં આવે છે.

દસ્તાવેજી સાંયોગિક અને વૈજ્ઞાનિક પુરાવોઓનું સંકલન કરી કાર્યવાહી કરવામાં આવે છે. ડિકોપ કેસમાં ભ્રષ્ટાચાર સંભવિત સંવેદનશીલ ક્ષેત્રો ઉપર બ્યુરો દ્વારા નજર રાખવામાં આવે છે. સંભવિત સંવેદનશીલ ક્ષેત્રોમાં બ્યુરો દ્વારા ડિકોપ માટે છટકાનું આયોજન કરવામાં આવે છે.

અપ્રમાણસર મિલકત વિરૂધ્ધના કેસમાં જાહેર સેવકની તેની આશ્રિત વ્યક્તિઓ દ્વારા એકઠા કરેલ અપ્રમાણસાર મિલકતની ગુપ્ત તપાસ હાથ ધરી આરોપ ઘડવામાં આવે છે. આક્ષેપિતની મિલકતોનું સરકાર માન્ય મૂલ્યાંકન કરવામાં આવે છે અને તે પ્રકારે મિલકતની કિંમતના પુરાવા મેળવવામાં આવે છે. આક્ષોપિતની મિલકત અપ્રમાણસર જળવાય તો આ અધિનિયમ મુજબ ગુનો દાખલ કરવામાં આવે છે.

ગુનાહિત ગેરવર્તનના કેસમાં જાહેર સેવક દ્વારા સત્તાનો દૂરૂપયોગ કોઈ જાહેર સેવક પોતાના કાયદેસરના મહેનતાણાં સિવાયાના લાભ મેળવે, કોઈ જાહેર સેવક પોતાને માટે અથવા બીજી વ્યક્તિ માટે કોઈ કિંમતી વસ્તુ અથવા આર્થિક નાણાંકિય ફાયદો મેળવે કે અપાવે, કોઈ જાહેર સેવક તરીકે હોદ્દો ધરાવતી વખતે કોઈપણ વ્યક્તિ માટે કોઈ કિંમતી વસ્તુ અથવા આર્થિક ફાયદો કોઈપણ પ્રકારના જાહેર હિત સિવાય મેળવે તેમજ બ્યુરો દ્વારા કોઈ જાહેર સેવક વિરૂધ્ધની અરજી હોય તો અરજીની ગુપ્ત પણે તપાસ કરી જરૂર જણાય તો ખૂટતી તપાસ હાથ ધરવામાં આવે છે. અરજીની તપાસમાં ભ્રષ્ટ અધિકારીની લાંચની પ્રવૃત્તિ અંગે ડિકોપનું આયોજન તથા અપ્રમાણસર મિલકતો જણાઈ આવતા તેની અપ્રમાણસર મિલકતો જણાઈ આવતા તેની વિરૂધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ની અંતર્ગત ગુનો નોંધી કાયદેસરની તપાસ કરવામાં આવે છે.

બ્યુરોની તાબાની ઓફીસ, ક્ષેત્રીય ઓફિસ કચેરીમાં કોમ્પ્યુટરાઈઝેશન અને આધુનીકીકરણ સરકારની રાહબારી નીચે તબક્કાવાર કરવામાં આવ્યું છે. જેનાં વિજાણુ ક્ષેત્રો, વોઈસ રેકોર્ડીંગ, વિડીયોગ્રાફીની મદદથી કેસના પુરાવા એકઠા કરવામાં આવે છે.

ઈગર્વનર્સ ની તપાસના કામે જરૂરી ઉપયોગી માહિતી ઓનલાઈન કોમ્પ્યુટર દ્વારા સરકારશ્રીના વિવિધ વિભાગોની વેબ સાઈટ ઉપરથી માહિતી મેળવી પુરાવા એકત્રીત કરવામાં આવે છે. જનતાની અરજીની યોગ્ય તપાસ કરી ભ્રષ્ટાચાર નિર્મુલન કરવાનો એક ભાગ છે.

વિજાણુ યંત્રો માટે તજજ્ઞોની નિમણૂક કરવામાં આવે છે. જટિલ કેસોમાં તજજ્ઞોનું માર્ગદર્શન મેળવવામાં આવે છે તથા નામદાર કોર્ટમાં યોગ્ય રીતે પુરાવા એકત્રીત કરી ચાર્જશીટ ફાઈલ કરવામાં આવે છે. તમામ બ્યુરો તથા અધિકારીઓના નામ, સરનામા, ટેલીફોન નંબર, જાહેરમાં પ્રકાશિત કરી જનતાને ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારી સામે ફરીયાદ કરવા પ્રોત્સાહન પુરૂં પાડવામાં આવે છે. જરૂર જણાય ત્યાં અરજદાર કે ફરીયાદીનું નામ ગુપ્ત રાખવામાં આવે છે.

લાંચ રૂસ્વત વિરોધી બ્યુરોમાં નાગરિક અધિકાર પત્રનું ખૂબ જ મહત્વ છે. દરેક નાગરિકને લાંચ આપ્યા સિવાય તેના હક્કો અને લાભ મળે તે જોવાનું કામ સરકારનું છે. ભ્રષ્ટાચાર નાબૂદીમાં જાગૃત નાગરિક તરીકે ફક્ત ભોગ બનતા અગાઉ બ્યુરોને જાણ કરવી એ દરેક નાગરિકની પવિત્ર ફરજ છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
- info@trivediassociates.in